GJJN210005282024

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૧ / ૦૭ / ૨૦૨૪ | | |
| નોંધણી તારીખ | ૦૧ / ૦૭ / ૨૦૨૪ | | |
| **ફેંસલ તારીખ** | **૦૧ / ૦૮ / ૨૦૨૬** | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૧ | ૦૦ |

**આંક :**

| | |
|---|---|
| **કેશોદના નામદાર સ્પેશ્યલ જજ (પોકસો) તથા એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.કેશોદ, જી.જુનાગઢ.**<br><br>**સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૧૨/૨૦૨૪ સાથે**<br>**સ્પે.(પોકસો)કેસ નં.૨૧/૨૪ અને ૨૯/૨૪(કોન્સો)**<br><br>માંગરોળ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૮૨૪૦૨૩૧/૨૪<br>ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા પોકસો એકટની કલમ-૪, ૮, ૧૨, ૧૭, ૧૮ મુજબ | |
| ફરીયાદ પક્ષ | **શ્રી સરકાર,**<br>મૂળ ફરીયાદી : જુબેદાબેન ફારૂકભાઈ પટેલ,<br>રહે.શાપુર રોડ, ચુના ભઠી, માંગરોળ. |
| ફરીયાદ પક્ષ તરફે | વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર |
| આરોપી પક્ષ | સ્પે.(પોકસો) કેસ નં.૧૨/૨૪<br>**આફતાબ દાઉદભાઈ ભાદરકા,**<br>ઉ.વ. : ૨૦, ધંધો : ફર્નિચરની મજુરી,<br>મૂળ રહે.તકીયાવાડી, પ્રભાસપાટણ, વેરાવળ.<br>હાલ રહે.જેતખમ ગુલાબી સોસાયટી પાછળ, માંગરોળ.<br>સ્પે.(પોકસો) કેસ નં.૨૧/૨૪<br>**હસન ઈસાભાઈ કાલવાત,**<br>ઉ.વ. : ૨૭, ધંધો : ખેતી તથા મજુરી,<br>રહે.જેતખમ રોડ, વાડી વિસ્તાર, પટેલ વાડી મસ્જીદની બાજુમાં, માંગરોળ.<br>સ્પે.(પોકસો) કેસ નં.૨૯/૨૪<br>**મોહમદ ઈમરાનભાઈ સુલેમાનભાઈ ભાટા,** |

| | |
|---|---|
| | ઉ.વ. : ૨૫, ધંધો : વે–બ્રીજ,<br>રહે.માંગરોળ વેરાવળ બાયપાસ, માર્કેટીંગ યાર્ડની બાજુમાં, માંગરોળ. |
| આરોપી પક્ષ તરફે | વિધ્વાન વકીલ શ્રી વાય. એસ. કરૂડ |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૧/૦૫/૨૦૨૪ તથા તે અગાઉના આશરે ૨૫ દિવસ દરમ્યાન |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૭/૦૫/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૨૯/૦૬/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૧૬/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૩/૧૧/૨૦૨૫ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ? | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧)<br>૨)<br>૩) | આફતાબ દાઉદભાઈ ભાદરકા,<br>હસન ઈસાભાઈ કાલવાત,<br>મોહમદ ઈમરાનભાઈ સુલેમાનભાઈ ભાટા | ૧૮/૦૫/૨૪<br>૧૮/૦૭/૨૪<br>૨૦/૦૯/૨૪ | ૦૯/૧૦/૨૪<br><br>૨૦/૦૯/૨૪ (આગોતરા) | ઈ.પી.કો.કલમ–૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૨, ૧૭, ૧૮ | છોડી મુકયા | –– | |

## –:: ચૂ કા દો ::–

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૮, ૧૨, ૧૭, ૧૮ મુજબનું ચાર્જશીટ કેશોદ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ઈમરાન સુલેમાન ભાટાએ તા.૧૧–૦૫–૨૦૨૪ના આશરે ૨૫ દિવસ પહેલા આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર 'એચ'ના ઘર પાસે જઈ, તેણીને એક મોબાઈલ ફોન ફેંકીને આપી, તે મોબાઈલ ફોનમાં ફોન કરી સગીર ભોગ બનનાર સાથે ઘરારથી મોબાઈલ ફોનમાં અવાર–નવાર વાત કરી વિડીયો વાયરલ કરવાની તેમજ ભોગ બનનારને તેણીના ભાઈ એજાદને મારી નાંખવાની ધમકી આપી તેણી પાસે બદકામ કરવાની માંગણી કરી, તેણી ઘરે એકલી હોય ત્યારે બે–ત્રણ વખત ફરીયાદીના ઘરે ગુન્હો કરવાના ઈરાદે અપપ્રવેશ કરી, ભોગ બનનારને ઘરારથી બથમાં પકડી, તેણીના શરીરે તથા છાતીએ ખરાબ રીતે અડી છેડતી કરી, તેમજ આ સમયગાળા દરમ્યાન આ કામના આરોપી આફતાબ દાઉદભાઈ ભાદરકા ભોગ બનનારને ફોન કરી, વિડીયો વાયરલ કરવાની તથા તેણીના ભાઈ એજાદને મારી નાંખવાની ધમકી આપી બદકામ કરવાની માંગણી કરી રાત્રીના સમયે ફરીયાદીના ઘરે ગુન્હો કરવાના ઈરાદે અપપ્રવેશ કરી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ તેણી સાથે ઘરારથી શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર, તેમજ આ સમયગાળા દરમ્યાન આ કામના આરોપી હસન ઈસાભાઈ કાલવાતે પોતાના મિત્ર–આરોપી આફતાબ પાસેથી ભોગ બનનારના મોબાઈલ નંબર મેળવી, ભોગ બનનારને ફોન કરી વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ભોગ બનનાર પાસે બદકામ કરવાની માંગણી કરેલ અને તેણીના ઘરની અગાસી ઉપર જઈ તેણીના મનમાં ભય ઉભો કરવાનો પ્રયત્ન કરેલ. તે રીતે આ કામના ત્રણેય આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ઉપર મુજબના ગુન્હા કરેલ.

(૩) આ કામે ફરીયાદીની ફરીયાદ અન્વયે પોલીસે તપાસની કાર્યવાહી કર્યા બાદ હાલના આરોપી આફતાબ દાઉદ ભાદરકા વિરૂધ્ધ સદર ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જેમાં અન્ય બન્ને આરોપીઓને નાસતા–ફરતા

દર્શાવવામાં આવેલ હતા, જે હાલના સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૧૨/૨૦૨૪ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારી ધ્વારા આ કામના આરોપી હસન ઈસાભાઈ કાલવાત વિરૂધ્ધ સદર ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જે સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૨૧/૨૦૨૪ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ, અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારી ધ્વારા આ કામના આરોપી મો.ઈમરાન સુલેમાન ભાટા વિરૂધ્ધ સદર ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જે સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૨૯/૨૦૨૪ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ. સદર ત્રણેય કેસો એક જ ફરીયાદ અનુસંધાને દાખલ થયેલા હોય, ત્રણેય કેસોનો કોન્સોલીડેટ કરવામાં આવેલા છે અને પ્રથમ દાખલ થયેલ મુખ્ય ચાર્જશીટ-સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૧૨/૨૦૨૪ના કામે પુરાવો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ સદર ગુનાના કામે આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલી છે અને આરોપીઓ સામે આંક-૬ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ-૪, ૮, ૧૨, ૧૭, ૧૮ મુજબના ગુન્હા સબબ તહોમતનામું ફરમાવી, તથા આંક-૭ થી આંક-૯ સુધી આરોપીઓની પ્લી લેતાં, તેમાં આરોપીઓએ ગુન્હાની કબુલાત કરેલ નથી અને કેસ આગળ ચલાવવા રજુઆત કરતાં, આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કેસમાં ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના સાહેદોના મૌખિક પુરાવા નોંધવામાં આવેલા છે, તેમજ ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

## (અ) મૌખિક પુરાવો :–

| અ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ઝુબેદાબેન ફારૂકભાઈની જુબાની | ૧૬ |
| ૨ | ભોગ બનનાર 'એચ' D/o. ફારૂકભાઈની જુબાની | ૧૯ |
| ૩ | ત.ક.અધિકારી સમીરભાઈ ઈશાકભાઈ મંઘરાની જુબાની | ૭૪ |

## (બ) દસ્તાવેજી પુરાવો :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૭ |
| ૨ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૨૦ |
| ૩ | તપાસ સોંપણી યાદી | ૨૬,૨૭ |
| ૪ | ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૨૮ |
| ૫ | સરકારી પંચો ફાળવવા બાબતે પોલીસ યાદી | ૨૯ |
| ૬ | પંચો ફાળવ્યા બાબતે આચાર્યશ્રીનો પત્ર | ૩૦ |
| ૭ | આરોપી ઈમરાને ભોગ બનનારને ફેંકીને આપેલ ફોન કબજે કર્યાનું પંચનામું | ૩૧ |
| ૮ | બનાવ વાળી સ્થાનિક જગ્યાનું પંચનામું | ૩૨ |
| ૯ | ભોગ બનનારની મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી | ૩૩ |
| ૧૦ | ભોગ બનનારનો મેડીકો–લીગલ એકઝામીનેશન રીપોર્ટ | ૩૪ |
| ૧૩ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલ્સ મોકલ્યાની તબીબી યાદી | ૩૫ |
| ૧૪ | ભોગ બનનારની વધુ તપાસ માટે તબીબી પત્ર તથા | ૩૬,૩૭ |

| | | |
|---|---|---|
| | રીફર નોટ | |
| ૧૫ | ભોગ બનનારની વધુ મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી | ૩૮ |
| ૧૬ | ભોગ બનનારનનું સીવીલ હોસ્પી. જુનાગઢનું એમ.એલ.સી. | ૩૯ |
| ૧૭ | ભોગ બનનારનું મેડીકલ સર્ટી મળવા બાબતે પોલીસ યાદી | ૪૦ |
| ૧૮ | ભોગ બનનારને અધુરી તપાસણી કરી પરત મોકલ્યા બાબતે તબીબી પત્ર | ૪૧ |
| ૧૯ | ભોગ બનનારનનું સીવીલ હોસ્પી.જુનાગઢનું એમ.એલ.સી. | ૪૨ |
| ૨૦ | ભોગ બનનારનો સોનોગ્રાફી રીપોર્ટ | ૪૩ |
| ૨૧ | ભોગ બનનારનો યુ.ટી.પી. રીપોર્ટ | ૪૪ |
| ૨૨ | આરોપી આફતાબને હસ્તગત કરી ત.ક.અ.ને સોંપ્યાનો પત્ર | ૪૫ |
| ૨૩ | આરોપી આફતાબને અટક કર્યા તથા તેના કપડા અને મોબાઈલ ફોન કબજે કર્યાનું પંચનામું | ૪૬ |
| ૨૪ | આરોપી આફતાબની પ્રાથમિક મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી તથા એમ.એલ.સી. | ૪૭,૪૮ |
| ૨૫ | આરોપી આફતાબની મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી | ૪૯ |
| ૨૬ | આરોપી આફતાબનો મેડીકો–લીગલ એકઝામીનેશન રીપોર્ટ | ૫૦ |
| ૨૭ | આરોપી આફતાબના મેડીકલ સેમ્પલ્સ મોકલ્યાની તબીબી યાદી | ૫૧ |
| ૨૮ | ભોગ બનનાર તથા આરોપી આફતાબના મેડીકલ | ૫૨ |

| | | |
|---|---|---|
| | સેમ્પલ્સ કબજે કર્યાનું પંચનામું | |
| ૨૯ | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર તથા રેકર્ડની નકલ મેળવવા ત.ક.અધિકારીએ ચિફ ઓફિસર માંગરોળ ને કરેલ યાદી | ૫૩ |
| ૩૦ | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર તથા રજીસ્ટરની નકલ મોકલ્યા બાબતે ચિફ ઓફિસર માંગરોળનો પત્ર | ૫૪ |
| ૩૧ | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર | ૫૫ |
| ૩૨ | જન્મ નોંધણી રજીસ્ટરના લગત પાનાની નકલ | ૫૬ |
| ૩૩ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા બાબતે પોલીસ યાદી | ૫૭ |
| ૩૪ | ભોગ બનનારના નિવેદનની ખરીનકલ મેળવવા બાબતે પોલીસ યાદી | ૫૮ |
| ૩૫ | સરકારી પંચો ફાળવવા બાબતે પોલીસ યાદી | ૫૯ |
| ૩૬ | પંચો ફાળવ્યા બાબતે આચાર્યશ્રીનો પત્ર | ૬૦ |
| ૩૭ | આરોપી હસન ઈસાને અટક કર્યા તથા તેનો મોબાઈલ ફોન કબજે કર્યાનું પંચનામું | ૬૧ |
| ૩૮ | આરોપી હસનની મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી તથા એમ.એલ.સી. | ૬૨ |
| ૩૯ | આરોપી હસનનું એમ.એલ.સી. | ૬૩ |
| ૪૦ | આરોપી મો.ઈમરાન સુલેમાનને અટક કર્યા તથા તેનો મોબાઈલ ફોન કબજે કર્યાનું પંચનામું | ૬૪ |
| ૪૧ | મુદ્દામાલ રવાનગી યાદી | ૬૫ |
| ૪૨ | એફ.એસ.એલ.ની પહોંચ | ૬૬ |
| ૪૩ | મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ મોકલ્યાનો એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૬૭ |

| | | |
|---|---|---|
| ૭૪ | એફ.એસ.એલ.નો પૃથ્થકરણ અહેવાલ | ૬૮ |
| ૭૫ | એફ.આઈ.આર.ની ખરીનકલ | ૬૯ |
| ૭૬ | સ્ટેશન ડાયરીની ખરીનકલ | ૭૦ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આંક–૭૫ થી રજુ કરેલી છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન પ્રશ્નોત્તરી સ્વરૂપે નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની વિરૂધ્ધના ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે, તેમજ તેઓએ પોતાના બચાવમાં સોગંદ ઉપર પુરાવો આપવા કે બચાવના સાહેદો તપાસવા ઈન્કાર કરેલ છે, તેમજ વિશેષમાં તેઓ સામે ખોટી ફરીયાદ કરેલ છે, તેઓ નિર્દોષ છે તેમ જણાવેલ છે.

(૬) સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર તથા બચાવ પક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી વાય. એસ. કરૂડની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળી.

(૭) ઉપરોકત હકીકત જોતાં, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી

ઈમરાન સુલેમાન ભાટાએ તા.૧૧–૦૫–૨૦૨૪ના આશરે ૨૫ દિવસ પહેલા આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર 'એચ'ના ઘર પાસે જઈ, તેણીને એક મોબાઈલ ફોન ફેંકી ને આપી, તે મોબાઈલ ફોનમાં ફોન કરી સગીર ભોગ બનનાર સાથે ઘરારથી મોબાઈલ ફોનમાં અવાર–નવાર વાત કરી વિડીયો વાયરલ કરવાની તેમજ ભોગ બનનારને તેણીના ભાઈ એજાદને મારી નાંખવાની ધમકી આપી તેણી પાસે બદકામ કરવાનીમાંગણી કરી, તેણી ઘરે એકલી હોય ત્યારે બે–ત્રણ વખત ફરીયાદીના ઘરે ગુન્હો કરવાના ઈરાદે અપપ્રવેશ કરી, ભોગ બનનારને ઘરારથી બથમાં પકડી, તેણીના શરીરે તથા છાતીએ ખરાબ રીતે અડી છેડતી કરી, તેમજ આ સમયગાળા દરમ્યાન આ કામના આરોપી આફતાબ દાઉદભાઈ ભાદરકા ભોગ બનનારને ફોન કરી, વિડીયો વાયરલ કરવાની તથા તેણીના ભાઈ એજાદને મારી નાંખવાની ધમકી આપી બદકામ કરવાની માંગણી કરી રાત્રીના સમયે ફરીયાદીના ઘરે ગુન્હો કરવાના ઈરાદે અપપ્રવેશ કરી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ તેણી સાથે ઘરારથી શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર, તેમજ આ સમયગાળા દરમ્યાન આ કામના આરોપી હસન ઈસાભાઈ કાલવાતે પોતાના મિત્ર–આરોપી આફતાબ પાસેથી ભોગ બનનારના મોબાઈલ નંબર મેળવી, ભોગ બનનારને ફોન કરી વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ભોગ બનનાર પાસે બદકામ કરવાની માંગણી કરેલ અને તેણીના ઘરની અગાસી ઉપર જઈ તેણીના મનમાં ભય ઉભો કરવાનો પ્રયત્ન કરેલ, તે રીતે આ કામના ત્રણેય આરોપીઓએ એકબીજાને

મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૨, ૧૭, ૧૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય તથા કારણો નીચે મુજબ છે :

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

**મુદ્દા નં.૧ :**

(૯) બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યાં તથા બંને પક્ષની મૌખિક દલીલો સાંભળી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, ભોગ બનનાર 'એચ' સગીર વયની છે તેમ દર્શાવવા આ કામે ફરીયાદ પક્ષે આંક–૫૫ થી ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે, જેમાં ભોગ બનનારની જન્મ તા.૦૧–૦૨–૨૦૦૭ દર્શાવેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબનો હાલનો બનાવ તા.૧૧–૦૫–૨૦૨૪ તથા તેના આશરે ૨૫ દિવસ પહેલાના અરસા દરમ્યાન બનવા પામેલ છે. બનાવ વખતે ફરીયાદ માં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૦૩ માસ હોવાનું જણાવેલ છે. આ કામે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવામાં તથા એફ.આઈ.આર.માં પણ

ભોગ બનનારની ઉંમર ફરીયાદ આપતી વખતે વખતે ૧૭ વર્ષ ૦૩ માસ હોવાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત તથા ફરીયાદ પક્ષે રજુ ઉપરોકત આધારભૂત દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી, એટલે કે, ૧૭ વર્ષની સગીર વય હોવાનું ફલીત થાય છે. કાયદાની જોગવાઈ અનુસાર ભોગ બનનાર સગીર ન હતી તેવું પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષે રહેલ છે, પરંતુ આરોપી પક્ષ તરફથી ભોગ બનનાર સગીર ન હતી તેવું પુરવાર કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી, કે તેવો કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી, તેમજ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદનમાં પણ આ અંગે કોઈ રજુઆત થયેલ નથી. ઉપરોકત તમામ હકીકતો ને મુદ્દા નં.૧ સાથે સાંકળતા, આંક–૫૫ થી રજુ ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર ધ્યાને લેતાં, ભોગ બનનાર સગીર છે અને તેની ઉંમર બનાવ સમયે ૧૭ વર્ષ ૦૩ માસની હોવાનું ફલીત થાય છે અને તેના આધારે મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :**

(૧૦) રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, સૌપ્રથમ સદર કામે ફરીયાદ પક્ષે આ કામના મૂળ ફરીયાદી ઝુબેદાબેન ફારૂકભાઈને આંક–૧૬ થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ જુનાગઢ જીલ્લાના માંગરોળ મુકામે શાપુર રોડ પર ચુનાભઠી વિસ્તારમાં તેમના પરિવાર સાથે રહે છે, તેના પતિ ફારૂકભાઈ ડ્રાઈવિંગ કામ કરે છે, તેમને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે, જેમાં સૌથી મોટો દિકરો એજાઝ, તેનાથી નાની આ કામની ભોગ બનનાર દિકરી 'એચ', તેનાથી નાનો ફરહાન અને તેનાથી નાની દિકરી લબીલા છે. તેઓ અભણ છે અને મચ્છીનો છુટક વેપાર

કરે છે.

સદર ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, એવું બનેલ નહીં કે, તેમની ભોગ બનનાર દિકરી 'એચ' ઘરે આવેલ ન હોય, તેઓ તેને ગોતવા ગયેલા હોય, તે મળેલ ન હોય, તેમના કુટુંબમા તથા ગામમાં તેની તપાસ કરેલ હોય, ત્યારબાદ ભોગ બનનાર ઘરે આવેલ હોય અને તે રડવા લાગેલ હોય કે ભોગ બનનારે ઘરે આવીને તેમની સાથે બનેલા બનાવ અંગેની વાત કરેલ હોય, કે કોઈએ તેને ફોન આપેલ હોય અને બનાવની સંપુર્ણ વાત કરેલ હોય તેવું બનેલ નહીં. તેમની ભોગ બનનાર દિકરી 'એચ'એ તેમને કોઈ વિડીયો બતાવવાની વાત કરેલ હોય, રાડારાડ કરેલ હોય કે બદનામ કરવાની ધમકી આપેલ હોય કે તેની મરજી વિરૂધ્ધ તેની સાથે બળાત્કાર કરેલ હોય કે તેમના દિકરાને પતાવી દેવાની વાત કરેલ હોય તેવી કોઈ વાત ભોગ બનનારે તેમને કરેલ નહીં. તેમને અદાલતના રેકર્ડમાંથી આ કામની ફરીયાદ બતાવતાં, તેમાં તેઓએ પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવી આંક–૧૭ થી રજુ રાખેલ છે, તેમજ જણાવેલ છે કે, પોલીસે તેમની પુછપરછ કરી તેમનું વિશેષ નિવેદન લીધેલ નહીં.

આમ, સદર ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ફરીયાદીને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ફરીયાદીએ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે,

તેઓ અભણ છે, તેમને વાંચતા-લખતાં આવડતું નથી, પોલીસે તેમનું ફકત નામઠામ પુછેલ, પોલીસે ફરીયાદમા શું લખેલ તેની તેમને ખબર નથી.

આમ, સદર ફરીયાદી સાહેદનો ઉપરોકત આંક-૧૬નો સરતપાસનો મૌખિક પુરાવો તથા આંક-૧૭ ની ફરીયાદ હકીકતો જોવામાં આવે તો, મહત્વનો વિરોધાભાસ રેકર્ડ પર આવેલ છે. ફરીયાદીએ પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં આંક-૧૭ ની ફરીયાદ મુજબની કે પોતાના વિશેષ નિવેદન મુજબની આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ તેઓની ભોગ બનનાર સગીર દિકરીને આરોપી ઈમરાન સુલેમાને તેણીના ભાઈને મારી નાંખવાની ધમકી આપેલ હોય કે તેણી પાસે બદકામ કરવાની માંગણી કરી કે તેણીના ઘરમાં અપપ્રવેશ કરી ધરારથી બથમાં પકડી તેણીના શરીરે તથા છાતીએ ખરાબ રીતે અડી છેડતી કરેલ હોય, કે આફતાબ દાઉદ ભાઈ ધ્વારા ભોગ બનનારને ફોન કરી વિડીયો વાયરલ કરવાની તથા તેણીના ભાઈને મારી નાંખવાની ધમકી આપી બદકામ કરવાની માંગણી કરી તેણીના ઘરમાં અપપ્રવેશ કરી મરજી વિરૂધ્ધ તેણી સાથે ધરારથી શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ હોય, કે આરોપી હસન ઈસાભાઈ ધ્વારા ભોગ બનનારને ફોન કરી વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ભોગ બનનાર પાસે બદકામ કરવાની માં ગણી કરેલ કે તેણીના મનમાં ભય ઉભો કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. જેથી સદર ફરીયાદીના પુરાવાથી આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આ કામની ભોગ બનનાર 'એચ' D/o. ફારૂકભાઈને આંક-૧૯ થી તપાસવામાં આવેલ છે, તેણીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેણી મોબાઈલ ધરાવતી નથી, તેણી ધોરણ-૯ સુધી ભણેલ છે,

તેના પિતા ડ્રાઈવિંગ કામ કરે છે. તેઓ બે ભાઈ અને બે બહેન છે, જેમાં સૌથી મોટો એજાઝ, તેનાથી નાની તેણી, તેણીથી નાનો ફરહાન અને તેનાથી નાની લબીના છે.

સદર ભોગ બનનાર સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેણી સાથે કયારેય કોઈએ તેની મરજીથી કે તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કરેલ હોય તેવું બનેલ નથી. તેને કોઈએ મોબાઈલ આપેલ હોય, કે કોઈએ વિડીયો બતાવેલ હોય, કે તે વીડીયો બતાવીને બ્લેક મેઈલ કરેલ હોય, કે વિડીયો બતાવ્યા બાદ તેણી સાથે સતત શરીર સબંધ બાંધેલ હોય, કે તેને ઓટો રીક્ષામાં વેરાવળ લઈ ગયેલ હોય અને ત્યાં પણ તેણી સાથે વિડીયો વાયરલ કરવાની ધમકી આપે છેડછાડ કરેલ હોય અને બદનામ કરેલ હોય તેવું બનેલ નથી. તેણીનો કોઈએ વિડીયો ઉતારેલ હોય, જે વિડીયો બતાવી તે વિડીયો વાયરલ કરવા ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. તેણીના ભાઈને કોઈએ મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું પણ બનેલ નથી.

સદર ભોગ બનનાર સાહેદે વધુમાં જણાવેલ છે કે, પોલીસે તેની પુછપરછ કરી નિવેદન નોંધેલ, તે નિવેદનમાં તેની સહી કરાવેલ. પોલીસે તેનું મેડીકલ કરાવેલ, ત્યાં ડોકટર સાહેબે તેની પુછપરછ કરી નિવેદન લીધેલ. તેને માળીયા હાટીના જજ સાહેબ પાસે લઈ ગયેલ, ત્યાં જજ સાહેબે તેની પુછપરછ કરી નિવેદન નોંધેલ. જે તેણીના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં તેણીએ પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૦ થી રજુ રાખેલ છે, અને તેણીએ વધુમાં જણાવેલ છે કે, તેની જન્મ તા.૦૧–૦૧–૨૦૦૭ છે. તેણીએ પોલીસને તેના કોઈ કપડા આપેલ નહીં કે પોલીસે તેના કપડા લીધેલ નહીં. તેણીએ પોલીસને મોબાઈલ આપેલ નહીં. તેણીએ કયારેય તેની સાથે બનેલ બનાવની જગ્યા પોલીસને બતાવેલ હોય તેવું બનેલ નહીં. બનાવ વાળી જગ્યાએથી પોલીસે તેણી રૂબરૂ કાંઈ કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. તેણીએ અદાલત સમક્ષ

મુદ્દામાલ આર્ટીકલ નં.૨ ગાદલાનું કવર બતાવતા, તે જોઈને જણાવેલ છે કે, પોલીસે આ કવર તેની હાજરીમાં કબ્જે કરેલ હતુ કે કેમ તે તેને યાદ નથી. મુદ્દામાલ આર્ટીકલ નં.૩ અડધી બાંયનું ગુલાબી કલરનું ટી–શર્ટ જોઈને તેણીએ જણાવેલ છે કે, પોલીસે આ તે ટી–શર્ટ તેની પાસે માંગેલ, જે તેણીએ આપેલ તે જ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૪ કાળા કલરની દોરી વાળું નાઈટ પેન્ટ બતાવતા, તે જોઈને તેણીએ જણાવેલ છે કે, આ નાઈટ પેન્ટ પોલીસે તેની પાસે માંગેલ, જે તેણે આપેલ તે જ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૫ કાળા કલરની ચુંદડી જોઈને તેણીએ જણાવેલ છે કે, તે ચુંદડી તેની નથી. વધુમાં, તેણીએ અદાલત સમક્ષ આ કામના ત્રણેય આરોપીઓને ઓળખી બતાવેલ છે.

આમ, સદર ભોગ બનનાર સાહેદ પોતાના નિવેદન તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ભોગ બનનારને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેણી હાલના આરોપી વિરૂધ્ધના ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ભોગ બનનારે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેણીએ ડોકટર પાસે કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી, તેમજ તેણીએ ડોકટર ને આરોપીઓના નામ આપેલા નથી, તેમજ તેણીએ માંગરોળના નામદાર જયુડી.મેજી.સાહેબશ્રી સમક્ષ કોઈ નિવેદન આપેલ નથી, તેને સહી કરવાનું કહેતા તેણે સહી કરી આપેલ, તેણે કોઈ નિવેદન વાંચેલ નહી કે વાંચી સંભળાવેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણે પોલીસ રૂબરૂ તેના કપડા રજુ કરેલ નથી કે અન્ય કોઈ મુદ્દામાલ રજુ કરેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, આરોપીઓએ તેણી સાથે કોઈ

દુષ્કર્મ કરેલ હોય કે તેને કોઈ જગ્યાએ લઈ ગયેલ હોય તેવું બનેલ નથી, પોલીસે તેણીનું નામઠામ પુછેલ, તેના નિવેદનમા શું લખેલ તે તેને વંચાવેલ નથી કે પોલીસ રૂબરૂ કોઈ નિવેદન આપેલ નથી.

આમ, સદર ભોગ બનનાર સાહેદે પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં ફરીયાદ પક્ષના કેસ મુજબની કે પોતાના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદન મુજબની આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને તેણી ફરી ગયેલ જાહેર થયેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત ની સાપેક્ષમાં ભોગ બનનારનો આ અદાલત સમક્ષનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં, આરોપી ઈમરાન સુલેમાને તેણીના ભાઈને મારી નાંખવાની ધમકી આપેલ હોય કે તેણી પાસે બદકામ કરવાની માંગણી કરી કે તેણીના ઘરમાં અપપ્રવેશ કરી ઘરારથી બથમાં પકડી તેણીના શરીરે તથા છાતીએ ખરાબ રીતે અડી છેડતી કરેલ હોય, કે આફતાબ દાઉદભાઈ ધ્વારા તેણીને ફોન કરી વિડીયો વાયરલ કરવાની તથા તેણીના ભાઈને મારી નાંખવાની ધમકી આપી બદકામ કરવાની માંગણી કરી તેણીના ઘરમાં અપપ્રવેશ કરી મરજી વિરૂધ્ધ તેણી સાથે ઘરારથી શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ હોય, કે આરોપી હસન ઈસાભાઈ ધ્વારા તેણીને ફોન કરી વિડીયો વાયરલ કરવાની ધમકી આપી બદકામ કરવાની માંગણી કરેલ કે તેણીના મનમાં ભય ઉભો કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. આમ, સદર ભોગ બનનારનો આ અદાલત સમક્ષનો સોગંદ ઉપરનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં હાલના આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૨) ફરીયાદ પક્ષ તરફે આ કામના તપાસ કરનાર અમલદાર સમીરભાઈ ઈશાકભાઈ મંઘરાને આંક–૭૪ થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૪ના અરસામાં સી.પી.આઈ. માંગરોળ

તરીકે તેઓ ફરજ પર હતા ત્યારે આ કામના ફરીયાદીની ફરીયાદ પી.એસ.આઈ. આર.એસ.ડામોરે પોતાના રૂબરૂ લીધેલી, જે આંક–૧૭ થી રજુ ફરીયાદમાં તેઓએ આર.એસ.ડામોરની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ મુજબનો ગુન્હો માંગરોળ પો.સ્ટે.૨૪૦૨૩૧/૨૪ થી ઈ.પી.કો. કલમ–૩૭૬,૩૫૪(એ),૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ પોકસો એકટની કલમ–૪, ૮, ૧૨, ૧૭, ૧૮ મુજબનો નોંધાયેલ. જેની તપાસ તેઓને સોંપવામાં આવેલી. તેઓને તપાસ મળ્યા બાદ તેઓએ બનાવવાળી જગ્યાનું પંચનામું બે પંચોને બોલાવી તેમની હાજરીમાં આ કામના ફરીયાદીએ જગ્યા બતાવતા તે મુજબ પંચનામું કરેલું. તેમજ આ કામે ઉપયોગમાં લેવાયેલ મોબાઈલ પંચનામાની વિગતે કબ્જે લીધેલ. આ કામના ભોગ બનનારની પુછપરછ કરેલી અને તેણીની મેડીકલ તપાસ કરાવીને જરૂરી નમુનાઓ હોસ્પિટલ તરફથી મેળવવામાં આવેલા, તેમજ આ કામના ફરીયાદી તથા અન્ય સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ. ભોગ બનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબ નિવેદન લેવા માં આવેલ તેમજ આરોપીઓને ગુન્હાના કામે અટક કરવામાં આવેલા તેમજ આરોપીની મેડીકલ તપાસણી કરાવીને જરૂરી નમુનાઓ મેળવવામાં આવેલા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ કામે જે મોબાઈલનો વપરાશ થયેલ તેની કોલ ડીટેઈલ મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ કામેતપાસ દરમ્યાન કબ્જે લેવામાં આવેલ મુદામાલ પૃથ્થકરણ કરાવવા માટે રવાનગી નોંધ તૈયાર કરી એફ.એસ.એલ. ને મોકલવામાં આવેલ અને એફ.એસ.એલ.નો રીપોર્ટ આવતા કામમાં સામેલ રાખવામાં આવેલ અને તેઓની સમગ્ર તપાસના અંતે આરોપી આફતાબ દાઉદ ભાદરકા સામે ઈ.પી.કો. કલમ–૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ પોકસો એકટની કલમ–૪, ૮, ૧૨, ૧૭, ૧૮ મુજબનો ગુન્હો બનતો હોવાનું ફલીત થતાં તા.૨૯–૦૬–૨૪ના રોજ ચાર્જશીટ દાખલ કરેલ અને તે વખતે અન્ય

આરોપી ઈમરાન સુલેમાન તથા હસનભાઈ ઈસાભાઈ મળી આવેલ ન હોય, તેમની સામેની તપાસની કાર્યવાહી બાકી રહેલ છે તેવું ચાર્જશીટમાં કોલમ નં. ૨ માં દર્શાવેલ. ત્યારબાદ આરોપી હસન ઈસા કાલવાતને તા.૧૮–૦૭–૨૦૨૪ના રોજ ધોરણસર અટક કરેલ અને આરોપીની પણ તપાસ વિગતવાર કરવામાં આવેલ. આ તપાસમાં વિશેષમાં હસનભાઈ ઈસાભાઈની મેડીકલ તપાસણી કરવામાં આવેલ અને જરૂરી નમુનાઓ મેળવવામાં આવેલ અને સમગ્ર તપાસના અંતે તેમના વિરૂધ્ધ પણ ઈ.પી.કો. કલમ–૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ પોકસો એકટની કલમ–૪, ૮, ૧૨, ૧૭, ૧૮ મુજબનો ગુન્હો બનતો હોવાનું ફલીત થતા તા.૦૫–૦૯–૨૪ના રોજ ચાર્જશીટ દાખલ કરેલ અને આ વખતે અન્ય આરોપી ઈમરાન સુલેમાન ભાટા મળી આવેલ ન હોય, તેમની સામેની તપાસની કાર્યવાહી બાકી રહેલ છે તેવું ચાર્જશીટમાં કોલમ નં.૨ માં દર્શાવેલ. ત્યારબાદ આરોપી મહોમદ ઈમરાન સુલેમાન ભાટાને તા.૨૦–૦૯–૨૦૨૪ના રોજ ધોરણસર અટક કરેલ અને તેની પણ તપાસ વિગતવાર કરવામાં આવેલ. આ તપાસમાં વિશેષમાં આરોપીની મેડીકલ તપાસણી કરવામાં આવેલ અને જરૂરી નમુનાઓ મેળવવામાં આવેલ અને સમગ્ર તપાસના અંતે તેમના વિરૂધ્ધ પણ ઈ.પી.કો. કલમ–૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ પોકસો એકટની કલમ–૪,૮,૧૨,૧૭,૧૮ મુજબનો ગુન્હો બનતો હોવાનું ફલીત થયેલ. આ દરમ્યાન સી.પી.આઈ. તરીકે એ.બી.ગોહિલની નિમણુંક થયેલ હોય, તેમણે તા.૦૩–૧૨ –૨૪ના રોજ ચાર્જશીટ દાખલ કરેલ તેમ જણાવી તેઓએ ચાર્જશીટમાં એ. બી. ગોહીલ સી.પી.આઈ.ની સહીને ઓળખી બતાવેલ છે તેમજ તેઓની સોગંદ પરની જુબાની દરમ્યાન તેઓએ ફરીયાદીની તા.૧૭–૦૫–૨૦૨૪ની પી.એસ.આઈ. ડામોર રૂબરૂની ફરીયાદની હકીકત તેમજ ભોગ બનનારના તા.૧૮–૦૫–૨૦૨૪ના રોજ લીધેલ નિવેદનની હકીકતને રીફર કરી સમર્થન આપેલ છે.

સદર તપાસ કરનાર અમલદારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદોના નિવેદન ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલ છે, કે પંચનામા પોલીસ સ્ટેશનમા બેસી પાછળથી પંચોની સહી ઓ લેવામાં આવેલ છે. તેઓએ ઈન્કાર કરેલ છે કે, આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરી ખોટી જુબાની આપે છે.

આમ, સદર પોલીસ સાહેદ કે જેઓએ હાલના ગુન્હાના કામે પંચનામા કરી, સાહેદોના નિવેદન નોંધી, આરોપીને અટક કરી તેમજ અન્ય પુરાવા એકત્રીત કરી, તપાસના અંતે ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે, પરંતુ સદર કામે તપાસવામાં આવેલા ભોગ બનનાર સાહેદ તથા તેણીના માતા–ફરીયાદી ઘ્વારા ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપવામાં આવેલ ન હોય, તેઓના પુરાવાની કરેલ ઉપરોકત ચર્ચા મુજબ હાલના આરોપીઓએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે રેકર્ડ પર આવતું ન હોય, જેથી સદર પોલીસ સાહેદોનો પુરાવો ફોર્મલ પુરાવો રહેલ છે.

(૧૩) આરોપી તરફે સંમતીથી આંક–૨૬ થી આંક–૭૦ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે. પરંતુ, ખુદ ભોગ બનનાર સાહેદ તથા તેણીના માતા/ ફરીયાદીએ આ અદાલત સમક્ષના તેઓના મૌખિક પુરાવામાં હાલના આરોપીઓ ને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય, જેથી સદર આંકે પડેલ દસ્તાવેજી પુરાવાથી પણ આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૪) આમ, ઉપરોકત રજુ તપાસવામાં આવેલ ભોગ બનનાર સાહેદ 'એચ' D/o. ફારૂકભાઈ તેમજ તેણીના માતા–ફરીયાદી ઝુબેદાબેન ફારૂકભાઈના મૌખિક પુરાવાથી હાલના આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ

ન હોય અને સદર ફરીયાદી તથા ખુદ ભોગ બનનાર જ ફરીયાદ પક્ષ તરફે ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ ફરીયાદીની ભોગ બનનાર સગીર દિકરીને આરોપી ઈમરાન સુલેમાને તેણીના ભાઈને મારી નાંખવાની ધમકી આપેલ હોય કે તેણી પાસે બદકામ કરવાની માંગણી કરી કે તેણીના ઘરમાં અપપ્રવેશ કરી ઘરારથી બથમાં પકડી તેણીના શરીરે તથા છાતીએ ખરાબ રીતે અડી છેડતી કરેલ હોય, કે આરોપી આફતાબ દાઉદભાઈ ધ્વારા ભોગ બનનારને ફોન કરી વિડીયો વાયરલ કરવાની તથા તેણીના ભાઈને મારી નાંખવાની ધમકી આપી બદકામ કરવાની માંગણી કરી તેણીના ઘરમાં અપપ્રવેશ કરી મરજી વિરૂધ્ધ તેણી સાથે ઘરારથી શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ હોય, કે આરોપી હસન ઈસાભાઈ ધ્વારા ભોગ બનનારને ફોન કરી વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ભોગ બનનાર પાસે બદકામ કરવાની માંગણી કરેલ કે તેણીના મનમાં ભય ઉભો કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, જેથી ફરીયાદ પક્ષના મહત્વ સાહેદોના આ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે તપાસવામાં આવેલ અન્ય પોલીસ સાહેદ–તપાસ કરનાર અમલદારના પુરાવાને પણ તપાસવા માં આવેલ સદર ફરીયાદી તથા ભોગ બનનારના આ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય, તેમજ મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે માત્ર દસ્તાવેજી પુરાવા તથા પોલીસ સાહેદના મૌખિક પુરાવા ઉપર આધાર રાખી, આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં, જેથી ઉપરોકત તમામ હકીકતો જોતાં, આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે.

(૧૫) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં તથા કરેલ ચર્ચા ધ્યાને લેતાં,

ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ આંક–૬ ના તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૮, ૧૨, ૧૭, ૧૮ મુજબ નો ગુન્હો આરોપીઓએ કરેલાનું નિ:શંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, આરોપીઓને શંકાનો લાભ આપવો ઉચિત જણાતો હોય, મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧) આ કામના આરોપીઓ (૧) આફતાબ દાઉદભાઈ ભાદરકા, (૨) હસન ઈસાભાઈ કાલવાત તથા (૩) મોહમદ ઈમરાનભાઈ સુલેમાનભાઈ ભાટાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૮, ૧૨, ૧૭, ૧૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટીસ બજતાં, નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેકે રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આ કોર્ટ સમક્ષ આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકીના મોબાઈલ ફોન અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે, અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો તેના મુળ માલીકની ખાતરી કરી પરત સોંપવાનો

હુકમ કરવામાં આવે છે, તથા આ કામે કબજે કરવામાં આવેલ અન્ય નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે અપીલ થયેલ ન હોય તો ચકાસણી કરી, નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪) હાલના કિસ્સામાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(એ) હેઠળ કે કેન્દ્ર સરકાર કે રાજય સરકારની કોઈપણ સ્કીમ અન્વયે ભોગ બનનારને વળતર ચુકવવા પાત્ર થતું નથી તેવું ઠરાવવામાં આવે છે, તેમજ જો તેવી કોઈ રકમ ચુકવાયેલ હોય તો તે રેવન્યુ રાહે પરત વસુલ મેળવવા હુકમ કરવામાં આવે છે.

૫) આ ચૂકાદાની એક–એક ખરીનકલ સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૨૧/૨૦૨૪ તથા ૨૯/૨૦૨૪ના કામે સામેલ રાખવી.

આ હુકમ આજ તારીખ : ૦૧ લી, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૦૧–૦૮–૨૦૨૬

(**હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી**)
સ્પેશ્યલ જજ (પોકસો) અને
એડિશ્નલ સેશન્સ જજ,
કે શો દ
GJ 00576

NKM